# હું ભાજપમાં જવાનો નથી અને નવો પક્ષ રચવાનો નથી : શંકરસિંહ

## ૨૪મીએ મારા સમર્થકો સાથે રાજકીય સ્થિતિ અંગે પરામર્શ કરવાનો છુ; તે પહેલા દિલ્હી જવા વિચારી રહ્યો છુ...

ગાંધીનગર, તા. ૨૦

પોતે કોંગ્રેસ છોડે છે; ભાજપમાં જોડાય છે; મુખ્યમંત્રી પદની હોડમાં છે; કોંગ્રેસમાંથી તમામ હોદ્દાઓ પરથી રાજીનામુ આપ્યુ છે તેવી બધી જ વાતોનુ આજે ભરચક પત્રકાર પરિષદમાં ખંડન કરતાં કોંગ્રેસના દિગ્ગજ નેતા શંકરસિંહ વાઘેલાએ આજે ફરીવાર સ્પષ્ટતા કરી હતી કે તેઓ મુખ્યમંત્રી પદના ઉમેદવાર નથી.



તેઓ ભાજપમાં જોડાવવાના નથી અને નવો રાજકીય પક્ષ પણ રચવાના નથી તેવી સ્પષ્ટ વાત સાથે તેમણે જણાવ્યુ હતુ કે ૨૪મીએ ભગવાન જગન્નાથજીની રથયાત્રાના પૂર્વ દિવસે તેઓ આરતી ઉતારી તેમના સમર્થકોની ગાંધીનગર મેડીકલ કોલેજના ઓડિટોરિયમ હોલમાં બેઠક બોલાવી છે તેમાં રાજકીય સ્થિતિની સમીક્ષા કરશે અને પછી શુ કરવુ તે વિચારશે.

તમામ મહત્વના પદો સંગઠન અને સરકારમાં મે ભોગવી લીધા છે મને કોઈ જ મોહ નથી. સેવાદળથી કારકિર્દી શરૂ કરી સેવાનો મંત્ર શીખ્યો તો જનસંઘમાં ને પછી ભાજપમાં જોડાઈ સંઘર્ષ પણ કારકિર્દીનો સાક્ષી છે.

તેમણે તેમની સામે જાણી જોઈને અનાપ સનાપ વાતો ફેલાવનારાઓનો નામોલ્લેખ કર્યા સિવાય કહ્યુ કે વાતો સાચી નથી. તેમણે કહ્યુ કે તેઓ પુનઃ ભાજપમાં જોડાવાના નથી.

જો કે તેમને લઈ બનેલા રાજકીય સસ્પેન્શ પરથી પડદો ઉંચકાયો નથી. બાપુ આગામી ૨૪મી તારીખે પોતાના તમામ સમર્થકો સાથે બેઠક કરીને હવે શુ કરવુ તેવો પરામર્શ કરશે.

● અનુસંધાન પાન-૭ પર

# મનપામાં કોંગ્રેસનો હલ્લાબોલ : સામાન્ય સભા મુલત્વી

**... સન્માન મેં કોંગ્રેસ મૈદાન મેં; કમલવાલે પરેશાન મેં : સામાન્ય સભામાં એજન્ડાની કામગીરી હાથ ધરાયા વિના જ મોકુફ રાખવાની મેયરને ફરજ પડી : વિપક્ષે વ્યુહાત્મક મોરચો માંડ્યો; સત્તાધારી પક્ષમાં બચાવને લઈ અસમજંસતા; મેયર, ડેપ્યુટી મેયર, મ્યુનિસિપલ કમિશનરને ૨૦ મિનિટ સુધી વિપક્ષે ડાયસ પર જ ઘેરી લીધા : ભાજપમાંથી કોઈ બચાવ માટે ઉભુ ના થયુ**





ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગર પાલિકાની રચના થયા પછી પ્રથમવાર સામાન્ય સભા એજન્ડાની કામગીરી હાથ પર લેવાય તે પહેલાં જ વિપક્ષની આક્રમકતાને નજરમાં રાખી મુલ્તવી રાખવાની ફરજ મેયરને પડી હતી.

અગાઉ બે વખત એજન્ડા પરના મુદ્દાઓ પર પ્રસ્તાવ મુલ્તવી રાખવાની ફરજ પાડનાર વિપક્ષના આજે આક્રમક તેવરથી સામાન્ય સભાના એજન્ડાના મુદ્દા પણ હાથ ધરાયા ન હતા.

...સન્માન મેં કોંગ્રેસ મેદાન મૈં ના સૂત્રોચ્ચાર તો સામે પક્ષે સત્તાધારી પક્ષનું ભેદી મૌન, મેયરને એકલા પાડ્યા, બચાવમાં કોઈ ના આવ્યુ સત્તાધારી પક્ષમાંથી તેનો લાભ ઉઠાવી વિપક્ષનું હલ્લાબોલ સફળ રહ્યું હતું.

ગાંધીનગર મહાનગર પાલિકામાં વિપક્ષ કોંગ્રેસે મહિલા કર્મચારીની હાજરીમાં અભદ્ર ભાષાનો ઉપયોગ કરનાર ચેરમેનના રાજીનામાની માંગ સાથે આજે સામાન્ય સભાની કાર્યવાહી જ શરૂ ન કરવા દેતાં મેયર પ્રવિણ પટેલને આજની સામાન્ય સભા મોકુફ રાખવાની ફરજ પડી હતી.

વંદે માતરમ્‌ના ગાન સાથે શરૂ થયેલી મનપાની સામાન્ય સભાના આરંભથી જ કોંગ્રેસે ભાજપ પર તડાપીટ બોલાવી હતી. ચેરમેન સામાન્ય સભામાં બેઠા છે અમને રક્ષણની ખાત્રી આપો પછી અમે અમારૂ સ્થાન લઈએ તેવી અંકિત બારોટે રજુઆત કરી તો મહિલા કાઉન્સીલરો લલીબેન ઠાકોર, હિરલ જોશી, પિન્કીબેન પટેલ, રમીલાબા વાઘેલાએ ''પાણીની બોટલ બતાવી પુછ્યુ તરસ લાગી છે સાહેબ, પાણી પી શકીએ.'' આ વાકયુદ્ધ વચ્ચે મેયરે કહ્યુ કે એજન્ડા પર આવીએ અને સભાગૃહની કામગીરી આરંભીએ. વિકાસની વાત કરવી હોય તો મારૂ તમને ખુલ્લુ આમંત્રણ છે નગરના હિતમાં આપણે કામ કરીએ.

મેયર પ્રવિણ પટેલની વિકાસની વાત પર ખુલ્લુ આમંત્રણ શબ્દ સાંભળતા જ કોંગીના સિનીયર સભ્યો જીતુ રાયકા, ચીમન વિંઝુડા

● અનુસંધાન પાન-૭ પર

## મનપાના કર્મચારીએ કાળી પટ્ટી પહેરી વિરોધ નોંધાવ્યો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગર પાલિકાના કર્મચારીએ આજે પહેલીવાર કાળી પટ્ટી ધારણ કરી અને પોતાનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

ગાંધીનગર મહાનગર પાલિકામાં સ્થાયી સમિતિના ચેરમેનના અશોભનીય વર્તન-વ્યવહારને લઈ આજે કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

મનપાના કર્મચારીઓએ પહેલીવાર કાળી પટ્ટી પહેરી વિરોધ નોંધાવતાં પાટનગરના રાજકીય વર્તુળોમાં પણ તે ચર્ચાનો મુદ્દો બન્યો છે.

## મનપાના ચેરમેન સહિતના નેતાઓના ફોટા સાથે હોર્ડિંગ્સ લાગ્યા...

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં આજે વિધાનસભા અધ્યક્ષ અને મનપા સ્થાયી સમિતિના ચેરમેનના ફોટા સાથે અન્ય નેતાઓના ફોટા મુકી 'આમને ઓળખી લો... નહીતર તમારી નોકરી જશે'ના પોસ્ટ લાગતાં શહેરમાં સવારથી જ ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી. વિધાનસભા ગેટની સામે અને સિવીલ હોસ્પિટલના દરવાજા નજીક આવા પોસ્ટરો લગાવવામાં આવ્યા હતા. જે સોશ્યલ મિડિયામાં પણ વાયરલ થયા હતા. આ પછી હરકતમાં આવેલા તંત્રએ તાત્કાલિક આ બંને સ્થળોએથી આવું લખાણ ધરાવતા હોર્ડિંગ્સ દૂર કર્યા હતા અને પોસ્ટર પણ હટાવી દેવાયા હતા.

## પ્રેક્ષક ગેલેરીમાંથી ભાજપના નેતાઓએ સૂત્રો પોકાર્યા...

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકાની આજની સામાન્ય સભા બેઠક પર નજર રાખવા માટે શહેર પ્રમુખ મહેન્દ્ર પટેલ (દાસ) સહિતના શહેર સંગઠનના હોદ્દેદારો આવ્યા હતા. તેઓએ પ્રેક્ષક ગેલેરીમાં કબ્જો જમાવી દીધો હતો. કોંગ્રેસના સભ્યો સૂત્રોચ્ચાર કરતા હતા ત્યારે ભાજપના કાઉન્સીલરો મૌન બેઠા હતા અને ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓએ પ્રેક્ષક ગેલેરીમાંથી 'માતરમ્ માતરમ્ વંદેમાતરમ્' 'વંદેમાતરમ્' 'શરમ કરો... શરમ કરો' જેવા સૂત્રો પોકારી સભાખંડની વ્યવસ્થા ખોરવી નાખી હતી. એટલું જ નહિ સભાનું અવમાન કરતા હોય તેવી સ્થિતિનું નિર્માણ કરી દીધું હતું. આને કારણે મેયર પ્રવિણ પટેલ કોંગીના સભ્યો સામે પણ શિસ્ત દાખવવાની સલાહ ના આપી શકયા કે તેમની સામે પગલાં પણ ના લઈ શકયા.

# મનપા કચેરીમાં બાઉન્સર્સ જોઈ કર્મચારીઓ અવાક થયા...!

## તાત્કાલિક પોલિસે બાઉન્સર્સને હટાવ્યા

ગાંધીનગર, તા. ૨૦

મહાનગર પાલિકાની સામાન્ય સભા તોફાની બની હતી. સામાન્ય સભા શરુ થાય તે પહેલા જ બહુમાળી ભવનમાં પ્રાઈવેટ બાઉન્સર્સ ગોઠવી દેવાયા હતા. સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેને એક કર્મચારીને અપમાનીત કરી બિભત્સ ગાળાગાળી કરી હતી. આ મામલે કર્મચારીઓએ તો વિરોધ નોંધાવ્યો હતો પરંતુ મહિલા કોંગ્રેસે પણ ચેરમેનનું રાજીનામું લેવા માંગણી કરી હતી. સામાન્ય સભામાં આ મુદ્દે વિરોધના વંટોળ ઉભા કરશે તેવી ભીતીથી સવારથી જ ચેરમેને કચેરીમાં પ્રાઈવેટ બાઉન્સર્સ ગોઠવી દેતા કર્મચારીઓ પણ બાઉન્સર્સને જોઈને અવાક થઈ ગયા હતા તો બીજી તરફ વિપક્ષના નેતાનું કહેવું હતું કે ચેરમેન મનુભાઈ અમારાથી નહી પરંતુ ભાજપથી જ ડરે છે એટલે સવારથી બાઉન્સર્સ મંગાવી રાખ્યા છે. મનપામાં બાઉન્સર્સ ગોઠવાઈ ગયા હોવાનું ધ્યાને આવતા પોલિસે તાત્કાલિક બાઉન્સર્સને તગેડી મુકયા હતાં.

# મેયરની ચેમ્બર-કાર્યાલય વીંગ પર તાળાબંધી

## વિપક્ષે તાળાબંધી કરતા ભાજપે પોલીસ ફરિયાદ નોંધાવી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય સભામાં આક્રમક બનેલ વિપક્ષે પહેલા મેયરની ચેમ્બરને બાદમાં મેયરના કાર્યાલયની વીંગને તાળાબંધી કરી તાળાબંધી કરી હતી.





તાળાબંધી બાદ ભાજપના પોતાનો આક્રોશ સ્થાયી સમિતિના ચેરમેનના અશોભનીય વર્તનને લઈ વ્યક્ત કર્યો હતો.

કર્મચારી; મહિલા કે સન્માન મે કોંગ્રેસ મેદાનમાં નારા સાથે આજે કોંગ્રેસે ભારે હલ્લાબોલ કર્યો હતો. તેણે સામાન્ય સભાની કાર્યવાહી ખોરવી નાખી હતી. આ પછી મેયર કાર્યાલયની બહાર બેસી ધરણા પણ કર્યા હતા. ત્યારબાદ પ્રતીકાત્મક રણનીતિકારો પુનઃ મેદાનમાં આવ્યા હતા અને મહિલા કાઉન્સીલરોને આગળ કરી તાળાબંધી દૂર કરવા દીધી નહિ. મનપાના અધિકારીઓને પણ તાળુ તોડતા કે ખોલતા અટકાવ્યા હતા.

આ પછી ગૃહમંત્રીને રજુઆત કરવામાં આવતાં ડી.વાય.એસ.પી. મનપાની કચેરીમાં આવી ચડ્યા હતા અને તેમણે તાળુ તોડી નાખ્યુ હતુ.

ભાજપના કાઉન્સીલરોએ તાળાબંધી અંગે પોલીસ ફરિયાદ પણ નોંધાવી હતી. મનપાના અધિકારીઓ અને કર્મચારીઓને ભાજપની જ મહિલા કાઉન્સીલરોએ તાળુ ખોલતાં અને તોડતા અટકાવ્યા હતા.

કોંગ્રેસ દ્વારા પ્રતીકાત્મક તાળાબંધી કરી ચાવી મેયર કાર્યાલયમાં જ આપી હતી અને તે ખોઈ કાઢવામાં આવી હતી અથવા સંતાડી દેવાઈ હતી.

## ...ને દિકરીને ધમકાવાતાં ધ્રુસકે ધ્રુસકે રડી પડી..



ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરીમાં સ્થાયી સમિતિના ચેરમેનના રાઉન્ડ દરમિયાન તેમના ગુસ્સાનો ભોગ બનેલી દિકરીને આજે મનપાના એક મહિલા કાઉન્સીલરના પતિ દ્વારા ધમકાવવામાં આવી હતી.

આથી ભાવવિભોર બની ગયેલી દિકરી ચોથા માળે આવી ધ્રુસકે ધ્રુસકે રડી પડી હતી ત્યારે કોંગ્રેસના આગેવાનો મેયર કાર્યાલય બહાર દેખાવો કરી રહ્યા હતા. આ પછી કોંગ્રેસની મહિલા કાઉન્સીલરો બેઠી હતી તે ઉભી થઈ ગઈ હતી અને તે દિકરીને શાન્તવના આપી હતી. આ પળે ત્યાં હાજર બ્રહ્મસમાજના આગેવાનો પણ ઉશ્કેરાઈ ગયા હતા અને તેમણે મનુ પટેલ સામે પગલાં લેવા તેમજ સમગ્ર ઘટના બાબતે માફી માંગી હોદ્દા પરથી રાજીનામું માંગ્યું હતું.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com